# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. દેવાતજ ખાતે આઇ.સી.એ.આર સ્થાપના તેમજ ટેકનોલોજી દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે ૧૬ થી ૧૮ જુલાઇ, ૨૦૨૩ દરમ્યાન આઇ.સી.એ.આર સ્થાપના દિવસ તેમજ ટેકનોલોજી દિવસની ઉજવણી અંતર્ગત માન.કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ તાલીમ કાર્યક્રમ યોજાયા જેમાં આણંદ જીલ્લાનાં કુલ ૧૦૯ ખેડૂત ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં તા.૧૬.૦૭.૨૦૨૩ ના રોજ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. વાય. સી. લકુમ દ્વારા કાર્યક્રમમાં હાજર રહેલ સર્વેનું સ્વાગત અને પ્રસંગોચિત ઉદબોધન કર્યા બાદ કેવિકેનું ખેડૂત સમુદાય માટે મહત્વ તેમજ કેવિકે દ્વારા ખેડૂતો માટે થયેલ વિશિષ્ઠ કામગીરી તેમજ વિવિધ પ્રવૃતિઓ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. ડો. આર.એમ.પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા રાસાયણીક ખાતરો અને ઝેરી જંતુનાશકોની પર્યાવરણ પર થતી આડઅસરો વિશે સમજુતી આપવામાં આવી. વધુમાં તેઓએ પ્રાકૃતિક ખેતી અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા તેમજ પર્યાવરણને સુરક્ષિત રાખવા જણાવ્યુ.

તા.૧૭.૦૭.૨૦૨૩ના રોજ ડો.એસ.બી.કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા દુધાળા પશુઓનું સ્વાસ્થ્ય જાળવવા તેમજ દુધ ઉત્પાદન વધારવા માટે જરૂરી મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. આ અંતર્ગત તેઓએ પશુઆહારમાં મીનરલ મીક્ષ્ચર ઉમેરવા તેમજ તેના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપી. ઉપસ્થિત બહેનોને ખેતી કાર્યોમાં સહભાગી થવા તેમજ પશુપાલનનાં વ્યવસાયમાં વૃદ્ધિ કરી આર્થિક રીતે સધ્ધર બનવા પ્રોત્સાહિત કર્યા. શ્રીમતી અંજલી જાદવ, પ્રો.આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા વિવિધ તકનીકો જેવી કે સોલર કુકર, સ્મોકલેસ ચુલા, રીવોલ્વીંગ મીલ્કીંગ સ્ટુલ વગેરે વિષે માહિતી આપી તેમજ મિલેટ વર્ષ અંતર્ગત વિવિધ મિલેટના ઉપયોગ અને તેના આધારિત વાનગીઓ બનાવવા વિશે માહિતી આપી.

તા.૧૮.૦૭.૨૦૨૩ના રોજ ધર્મજ ક્રોપ ગાર્ડ કંપની, અમદાવાદથી શ્રી હર્ષદભાઇ પટેલ, એરીયા માર્કેટીંગ મેનેજર (મધ્ય, દક્ષિણ ગુજરાત) તેમજ સલીમ રાઠોડ, ટેરેટરી મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત તેઓએ પાક ઉત્પાદન માટે જરૂરી પોષક તત્વો વિશે વિસ્તૃત જાણકારી આપી તેમજ જંતુનાશકોનાં ઉપયોગ દરમ્યાન જરૂરી કાળજી રાખવા બાબતે વિવિધ મુદ્દાઓનું વર્ણન કર્યુ. સદર કાર્યક્રમમાં ઉપસ્થિત વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને ટેકનોલોજી દિવસના ભાગરૂપે કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રસ્થાપિત ખેડૂત ઉપયોગી વિવિધ ટેકોનોલોજી વિષે સમજુતી આપવામાં આવી અને પ્રદર્શનીની મુલાકાત ખેડૂતો દ્વારા કરવામાં આવી.

અંતે ડૉ. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો. આ કાર્યક્રમનું સફળ સંચાલન કેવિકે સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

## તાલીમની ઝાંખીઓ










